ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૭/૨૨-૨૩/360 તારીખ : 25 JAN 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૭/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી કમળાબેન બાલકૃષ્ણ જાગાણી,**
**૬૧૨, ઈસ્કોન મેગા સીટી,**
**ગેટ નં-૫,**
**ભાવનગર.**

**મો.નં- ૯૮૨૪૨ ૨૬૬૧૧**

**વિષય : રૂફટોપ સોલારના સરપ્લસ યુનિટની રકમનું પેમેન્ટ ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૪/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૨-૨૩/૪૦૬૩ તા.૧૯/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૨-૨૩/૪૨૧૮ તા.૩૦/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ,ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કાળાનાળા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી કમળાબેન બાલકૃષ્ણ જાગાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૧/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી બાલકૃષ્ણભાઈ જાગાણી (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કમળાબેન બાલકૃષ્ણ જાગાણી, મું.ભાવનગર, તા.જી.ભાવનગરની રૂફટોપ સોલારના સરપ્લસ યુનિટ ની રકમનું પેમેન્ટ ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૨–૨૩/૪૦૬૩ તા.૧૯/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કમળાબેન બાલકૃષ્ણ જાગાણી વતી તેમના પ્રતિનિધિ શ્રી બાલકૃષ્ણભાઈ જાગાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે,અમો ગ્રાહક નંબર–૩૦૪૦૫/૧૦૨૮૪/૪ થી રહેણાંક હેતુનું વિજ કનેકશન ધરાવીએ છીએ. અને અમો દ્વારા પીજીવીસીએલ તરફથી આવતા તમામ બીલો નિયમિત નીયત સમયમાં ભરપાઈ કરીએ છીએ અને પીજીવીસીએલનું અમારી પાસે કોઈ લેણું બાકી નથી.

૧.૨ વાદીશ્રી જણાવે છે કે, અમોએ સોલાર રૂફટોપનું કનેકશન ડિસેમ્બર–૨૦૧૮ થી લીધેલ છે. અને પીજીવીસીએલ સાથે એગ્રીમેન્ટ થયેલ છે.

૧.૩ વાદીશ્રી જણાવે છે કે, વર્ષ એપ્રિલ–૨૦૨૦–૨૦૨૧ ની સરપ્લસ યુનિટની રકમ રૂા.૧૪૮૦૫/૮૩ અને વર્ષ ૨૦૨૧–૨૦૨૨ રકમ રૂા.૧૦,૮૫૭/૪૪ રકમ અમારા બિલમાં જમા મળેલ છે પરંતુ ડીસેમ્બર ૨૦૧૮ થી માર્ચ ૨૦૨૦ ની રકમ હજુ સુધી મળેલ નથી.

૧.૪ વાદીશ્રી દ્વારા ડિસેમ્બર–૨૦૧૮ થી માર્ચ–૨૦૨૦ સુધી રકમ રૂા.૧૧,૫૭૧/– ૧૮ % વ્યાજ સાથે આપવા જણાવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૫ વાદીશ્રી ની રજૂઆત છે કે, અમો દ્વારા સબ ડિવિઝનને વારંવાર અમારી બાકી રકમ ચૂકવવા માટે પત્ર દ્વારા રજૂઆત કરેલ છે. તો તે રજૂઆતના જવાબમાં જે તે અધિકારી દ્વારા જવાબ આપવામાં આવેલ છે કે, વડી કચેરી ની સૂચના બાદ તમારી બાકી રકમ ચૂકવવામાં આવશે.

૧.૬ વાદીશ્રી દ્વારા જણાવવામાં આવે છે કે, અમારી બાકી નીકળતી સોલારની રકમ ચૂકવી આપવાની રજૂઆત છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ગ્રાહક નં–૩૦૪૦૫/૧૦૨૮૪/૪ થી રહેણાંક હેતુનું કરારીત લોડ ૬.૫ કિ.વો.અને સોલાર રૂફટોપ પેનલ ૫.૨ કિ.વો. ધરાવતું વિજ કનેકશન પ્લોટ નં–૬૧૨, ઈસ્કોન મેગાસીટી ગેટ નંબર–૫ ઉપર ધરાવે છે.

૨.૨ ગ્રાહકશ્રી ના ઘરવપરાશના સ્થળ પર સોલાર કનેકશન ડિસેમ્બર–૨૦૧૮ થી આવેલું છે. જેમાં, વર્ષ ૨૦૧૮–૧૯ તથા ૨૦૧૯–૨૦ ના સોલારના સરપ્લસ યુનિટની રકમ બેન્કમાં જમા આપવા અંગેની ગ્રાહક દ્વારા ફરીયાદ છે.

૨.૩ જીઈઆરસી નોટીફીકેશન નં–૨/૨૦૨૦ (સેકન્ડ એમેન્ડમેન્ટ) નેટ મીટરીંગ સોલાર રૂફટોપ કલોઝ નં–૯.૭ મુજબના વડી કચેરી સરકયુલર નં–ACCT/GM/(F&A)12093 dtd.23.12.2020 મુજબ ૨૦૨૦–૨૧ ની રકમ રૂપિયા એનર્જી બિલમાંથી રૂા.૧૦૦/– બાકી રાખીને વધારાની રકમ નાણાંકીય વર્ષ(વર્ષાન્તે) પૂરૂં થાય પછી બેંક એકાઉન્ટમાં જમા આપવાની સૂચના આવેલ અને કોર્પોરેટ કચેરી દ્વારા વર્ષ–૨૦૨૦–૨૧ નાં કેલ્કયુલેશન સાથે આવેલ શીટ મુજબ રકમ રૂા.૧૪,૮૦૫/૮૩ અને વર્ષ ૨૦૨૧–૨૨ ના કેલ્કયુલેશન સાથે આવેલ શીટ મુજબની રકમ રૂા.૧૦,૮૫૭/૪૪ જમા આપવાની સૂચના અન્વયે ડિવિઝન કચેરી દ્વારા ગ્રાહકશ્રી ના બેંક એકાઉન્ટમાં જમા આપેલ અને એનર્જી બિલમાં સદર રકમ ઉધારવામાં આવેલ છે.

૨.૪ સોલારની અગાઉના વર્ષની જમા રકમ માટે વડી કચેરી દ્વારા કોઈ સૂચના આપવામાં આવેલ નથી અને સદર ગ્રાહક ઉપરાંત તમામ ગ્રાહકો કે જે વર્ષ–૨૦૨૦ પહેલાના સોલાર રૂફટોપ કનેકશન ધરાવતા હોય, તે કોઈપણ ગ્રાહકને રકમ બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવેલ નથી. સદર બાબત નીતિ વિષયક હોય, ઉપરી કચેરીની સૂચના પર નિર્ધારીત છે. આ સાથે સરકયુલરની નકલ, તેમજ જીઈઆરસી નોટીફીકેશન નં–૨/૨૦૨૦ (સેકન્ડ એમેન્ડમેન્ટ) નોટીફીકેશન નં–૯.૭ જોડેલ છે.

સદર કેસમાં જીઈઆરસી નોટીફીકેશન મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી કમળાબેન બાલકૃષ્ણભાઈ જાગાણી દ્વારા તેમનાં ગ્રાહક નં– ૩૦૪૦૪/૧૦૨૮૪/૪ (RGPU) માં તેમના સોલાર રૂફટોપ ના કનેકશનની ડિસેમ્બર–૨૦૧૮ થી માર્ચ–૨૦૨૦ સુધીની જમા રકમ રૂા.૧૧,૫૭૧/– પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ચૂકવવામાં ન આવતા, ફોરમને રજૂઆત કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

૩.૨ આજરોજ તા.૧૨/૦૧/૨૦૨૩ ની રૂબરૂ સનાવણીમાં વાદી વતી તેમના પ્રતિનિધિ હાજર રહેલ છે. જયારે, પ્રતિવાદીના પ્રતિનિધિ કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર હાજર રહી પોત પોતાની રજૂઆતો કરેલ છે અને દસ્તાવેજો રજૂ કરેલ છે.

૩.૩ પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા જીઈઆરસી નોટીફીકેશન નં–૨/૨૦૨૦ (સેકન્ડ એમેન્ડમેન્ટ) નેટ મીટરીંગ સોલાર રૂફટોપ કલોઝ નં–૯.૭ આધારીત વડી કચેરી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના પરિપત્ર નં–ACCT /GM/(F&A)12093 dtd.23.12.2020 મુજબ કાર્યવાહી કરી વર્ષ–૨૦૨૦–૨૧ તેમજ ત્યારબાદ ની રકમ વાદીના ખાતામાં જમા આપેલ છે. પરંતુ, તે અગાઉની રકમ અંગે નો ઉલ્લેખ ન હોય, તે રકમ વાદીને ચૂકવવા અંગે કોઈ કાર્યવાહી ન કરી હોવાની રજૂઆત કરેલ છે.

૩.૪ આ તબકકે ફોરમ દ્વારા રજૂ થયેલ પરિપત્રો તેમજ જીઈઆરસી નોટીફીકેશન ને ધ્યાને લીધેલ છે. જેમાં, પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ પરિપત્રો – નોટીફીકેશનમાં વાદીના એકાઉન્ટમાં માર્ચ–૨૦૨૦ પહેલાની જમા રકમ ન ચૂકવવા અંગેનો કોઈ ઉલ્લેખ નથી.

વધુમાં, વાદી દ્વારા પ્રતિવાદી ની વડી કચેરી ગુજરાત ઉર્જા વિકાસ નીગમ લી. ના પત્ર નં–GUVNL/COM/ SOLAR/ROOF TOP/1270 dtd.15.12.2018 ને રજૂ કરેલ. જેમાં, સોલાર ગ્રાહકના ખાતામાં જમા પડેલ રકમ પછીના બિલમાં એડજસ્ટ કરવાની અને વર્ષના અંતે પેમેન્ટ કરી સેટલ્ડ કરી આપવાની સ્પષ્ટ સૂચના છે.

૩.૫ આમ, ઉપરોકત રજૂ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તેમની વડી કચેરીના પરિપત્રો – સૂચના મુજબની કામગીરી ન કરતા બિનજરૂરી રીતે ગ્રાહકની જમા રકમનું પેમેન્ટ કરેલ નથી કે તેમજ ગ્રાહક ની ફરીયાદ મળ્યા બાદ પણ તેના ચોકકસ નિકાલ માટે તેની ઉપલી કચેરી સાથે કોઈ પત્ર વ્યવહાર કરી માર્ગદર્શન માંગેલ નથી. જેની ગંભીર નોંધ ફોરમે લીધેલ છે.

૩.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદીની ડિસે–૨૦૧૮ થી માર્ચ–૨૦૨૦ સુધીની જમા રકમ તાત્કાલીક ચૂકવી આપવી, તેમજ તેની જાણ દિવસ – ૫ માં ફોરમને કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૧૨/૦૧/૨૦૨૩.